અપીલ અરજી નં.૩૭૭ તા.૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શૈલેષકુમાર એફ. ભુતા
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શૈલેષકુમાર એફ. ભુતાની તા.૨૫–૧–૧૧ની અરજીથી મોજે મજુરાનાં રે.સર્વે નં.૫૭/૧,૫૭/૨,૫૮ અને ૬૨, ટી.પી. સ્કીમ નં. ૬ વાળી જમીનમાં મંજુર થયેલા બાંધકામની રજાચીઠ્ઠી (૧૮૩) ટી.ડી.ઓ નં.૧૧૩૩ બી.એસ.આર. નં.૧૨૧૬ તા.૧૭/૩/૧૯૮૭ માટે રજુ થયેલી અરજી ફોર્મ સહિત તમામ કાગળોની સહી–સિકકાવાળી નકલો મેળવવા બાબત.
સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૭/૨૦૧૦–૧૧.

શ્રી શૈલેષકુમાર એફ. ભુતાની તા.૨૫–૧–૧૧ની અરજીથી મોજે મજુરાનાં રે.સર્વે નં.૫૭/૧,૫૭/૨,૫૮ અને ૬૨, ટી.પી. સ્કીમ નં. ૬ વાળી જમીનમાં મંજુર થયેલા બાંધકામની રજાચીઠ્ઠી (૧૮૩) ટી.ડી.ઓ નં.૧૧૩૩ બી.એસ.આર. નં. ૧૨૧૬ તા.૧૭/૩/૧૯૮૭ માટે રજુ થયેલી અરજી ફોર્મ સહિત તમામ કાગળોની સહી–સિકકાવાળી નકલો મેળવવા બાબતે ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૪૭૫૩ તા.૧૫/૨/૧૧ થી આપવામાં આવેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા વિશેષ નં.૬૩,૬૪,૬૫ ની નહીં માંગેલ માહિતીનો ઉલ્લેખ પણ જવાબી પત્રમાં કયા સંદર્ભે થયેલ છે તે અંગે પક્ષ રજુ કરવા સાથે દફતર ઉપલબ્ધ નાશ, નિકાલની વિગતો તેમજ વિકેન્દ્રિત વહીવટના ભાગ રૂપે લાગત ઝોન ખાતા કક્ષાએ દફતર તબદીલ થયેલ છે કે કેમ? તે અંગે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૦ તા.૧૪–૩–૧૧ થી તથા અરજદારને તેમની સહી વિનાની અપીલ અંગે પુર્તતા કરવા તથા રજા ચિઠ્ઠી સિવાય કોઈ પેપર્સ તેઓની કક્ષાએ હોય તો નકલ રજુ કરવા પણ સરખા નંબરથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૫૩૨૨ તા. ૨૩–૩–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી મુળ અરજી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૫૨૬ તા.૨૮–૧–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને કાર્યપાલક ઈજનેર અથવાઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.અઠવાઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૭૦ તા.૨–૨–૧૧ થી સદર સંપૂર્ણ માહિતીની અરજી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૭૫૩ તા.૧૫–૨–૧૧ થી આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૮–૩–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં સહી વાળી અપીલની નકલ, મંજુર થયેલ પ્લાનની ત્રણ નકલ જે પૈકી એકને અરજદારે ફેબ્રીકેટેડ જણાવેલ છે તે રજૂ થયેલ છે.

અરજદારની તા.૨૫–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી) ને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન ખાતેથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૨૬ તા.૨૮–૧–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના સંદર્ભે અઠવાઝોન તરફથી નં.સા.વે.અઠવાઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૨૭૦ તા.૨–૨–૧૧ થી સંપૂર્ણ અરજી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટીડીઓ/૪૭૫૩ તા.૧૫–૨–૧૧ થી " નિયત સમય અવધિમાં અરજદારને " મોજે મજુરાના રે.સ. નં.૫૭/૧, ૫૭/૨, ૫૮,૬૨,૬૩,૬૪,૬૫ વાળી મિલ્કતમાં રજાચિઠ્ઠી નં.૧૮૩, ટીડીઓ નં.૧૧૩૩ બી.એસ.આર નં.૧૨૧૬ તા.૧૭–૩–૮૭ થી મંજુર થયેલ બાંધકામ પ્લાન /રજાચિઠ્ઠીના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં ઉકત મિલ્કતની માહિતી ઉપલબ્ધ ન હોય, માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના કારણો મુદ્દા નં.૧ મોજે મજુરાના રે.સ. નં.૫૭/૧, ૫૭/૨, ૫૮ અને ૬૨, ટીપી સ્કીમ નં.૬ વાળી જમીનમાં બાંધકામની રજાચિઠ્ઠી આપવામાં આવી છે તેનો જવાબ આપ્યો નથી. (૨) બાંધકામની રજાચિઠ્ઠી જો આપવામાં આવી હોય તો તેની રજીસ્ટરમાં થયેલ એન્ટ્રીની ઝેરોક્ષ નકલ આપવામાં આવી નથી.(૩) ઉપર્યુકત રે.સર્વે નંબરની માહિતી ઉપલબ્ધ ન હોય, માંગ્યા મુજબ માહિતી આપી શકાય તેમ નથી એમ જણાવી અમારી અરજીની સંતોષકારક પૂર્તતા કરેલ નથી. (૪) અમોએ મોજે મજુરાના રે.સ. નં. .૫૭/૧, ૫૭/૨, ૫૮,૬૨, ટીપી સ્કીમ નં.૬ વાળી જમીન પૂરતી જ માહિતી માંગેલ હતી પરંતુ તમોએ રે.સ . ન.૬૩,૬૪, અને ૬૫ ની પણ માહિતી અંગે ઉડાઉ જવાબ આપવામાં આવ્યો છે . (૫) મોજે મજુરા રે.સ. નં. .૫૭/૧, ૫૭/૨, ૫૮,૬૨, પૂરતી

બાંધકામની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે. જેનો નં.૧૮૩ ટીડીઓ નં.૧૧૩૩ બીએસ.આર./૧૨૧૬ તા.૧૭–૩–૮૭ થી મંજુર કરવામાં આવ્યો છે જેની નકલ પણ આ સાથે સામેલ છે જે સર્વે નં.૬૩, ૬૪ માં બાંધકામની કોઈ મંજુરી મેળવવામાં આવી નથી છતાં રજાચિઠ્ઠીમાં ચેડા કરી રે.સ નં.૬૪ માં બિનઅધિકૃત બાંધકામ કરેલ છે. (૬) આ સાથે ઓરીજનલ રજાચિઠ્ઠીની કોપી તેમજ ચેડા કરેલ રજાચિઠ્ઠીની કોપી સામેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૭ તા.૨૨–૩–૧૧ થી તા.૧–૪–૧૧ ના રોજ સુનાવણી મુકરર કરવામાં આવેલ જેમાં અરજદાર ૩.૩૦ કલાકે હાજર રહી મજુરા સર્વે નં.૫૭/૧,૫૭/૨ અને ૫૮,૬૨ પ્લાન મંજુર કરવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી માંગેલ હતી જેનો જવાબ માહિતી ઉપલબ્ધ ન હોવાથી આપી શકાય તેમ નથી જે બાબતે અરજદારે નોંધણી રજીસ્ટર ચેક કરવાની વિભાગે કાળજી રાખી હોત તો તે આપી શકયા હોત તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી વતી ઈ.ચા.ડે.શહેર વિકાસ અધિકારી હાજર રહી જણાવેલ કે ઉપલબ્ધ રેકર્ડ ફાઈલની ચકાસણી કરેલ છે. હાલના ચાર પ્લોટની ફાઈલ મળી આવેલ નથી. અરજદારની રજૂઆત મુજબ મંજુર પ્લાન રજીસ્ટરોના રેકર્ડ એક કરીને સદરહુ પ્લાન મંજુર છે કે કેમ? તેની વિગતો અરજદાર પાઠવી શકાશે. જેના માટે વધુ મુદત આપવા વિનંતી . રજીસ્ટર મળ્યેથી તેનો ઉતારો અને ઈન્સ્પેકશન આપવામાં હરકત નથી માટે દિન–૭ ની મુદત આપવા વિનંતી. તેવી રજૂઆત કરેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ દિન–૭ માં મંજુર પ્લાન રજીસ્ટરનો રેકર્ડ ચકાસી તે અંગેની વિગતો જરૂર જણાયે બાબતને સ્પર્શતા દફતરની તપાસણી પૂરી પાડી તે પૈકી અરજદારે માંગેલ માહિતી મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં દફતરી હકીકત અનુસાર અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ),....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી શૈલેષકુમાર એફ. ભુતા